ગાંધીનગર સમાચાર

# જિલ્લા ભાજપના પ્રમુખપદે નૈલેષ શાહ પુનઃ નિમાયા

## કલોલ તાલુકામાંથી જ વિરોધ ઉઠ્યો હતો પણ ધ્યાને ન લેવાયો : સંરચનાની મોટી કામગીરી સંપન્ન



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે શ્રી નૈલેષ શાહની વિરોધના સૂરો વચ્ચે પણ પુનઃ પસંદગી કરવામાં આવી છે.

આજે સ્ટાફ ટ્રેનીંગ કોલેજના હોલમાં અપેક્ષિતોની હાજરીમાં મળેલ બેઠકમાં જિલ્લા સંરચના અધિકારી શ્રી ભગવાનદાસ પંચાલે શ્રી નૈલેષ શાહની પુનઃ પસંદગી અંગેની વિધિવત્ જાહેરાત કરી હતી.

આ બેઠકમાં જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા સાંસદ જયશ્રીબેન પટેલ પણ ઉપસ્થિત હતા. તેમણે જણાવ્યું હતું કે બધાની વાતો સાંભળી છે અને અમે સર્વાનુમતે શ્રી નૈલેષ શાહની પુનઃ નિયુક્તીનો નિર્ણય કર્યો છે.

શ્રી શાહની પસંદગી સામે

● અનુસંધાન પાના - ૭ પર

# સેક્ટર-૯ એરફોર્સ સ્ટેશન બહારથી બિનવારસી બેગ મળતા દોડધામ મચી

## પઠાણકોટ એરબેઝની ઘટના બાદ એરફોર્સ બહારથી મળેલી બેગથી પોલીસ બૉમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ દોડતી થઈ : તપાસ કરતા કાંઈ મળી આવ્યું નહી

ગાંધીનગર, તા.૧૫

પઠાણકોટ એરબેઝ ખાતે





થયેલા આતંકવાદી હુમલા બાદ આજે સવારે રાજયના પાટનગર ગાંધીનગર ખાતે સે-૯ સ્થિત એરફોર્સ સ્ટેશન બહાર એક શંકાસ્પદ બીનવારસી બેગ દેખાતા દોડધામ મચી જવા પામી હતી. પોલીસ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે પોણો કલાક મહેનત કરીને તપાસ કરી તો બેગમાંથી કંઈ જ મળી આવ્યું ન હતું.

### ટીવીમાં સમાચાર આવ્યા ને મારી બેગ મળી ગઈ...!

શંકાસ્પદ બેગ મળતા દોડતી થયેલી પોલીસ અંગે ન્યુઝ ચેનલો પર સમાચાર બ્રોડકાસ્ટ થયા ત્યારે ધોળાકુવા ગામના ગોવિંદભાઈ બપોર પછી સેકટર-૭ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. સેકટર-૨૧માંથી ઘરે પરત ફરતી વખતે તેમના બાઈકમાં લટકાવેલી બેગ રસ્તામાં પડી ગઈ હતી. ટીવી પર સમાચાર આવ્યા એટલે મારી બેગ છ રોડ પર એરફોર્સ સ્ટેશન સામે પડી ગઈ હશે તેવું હું સમજી ગયો તેમ કહીને ધોળાકુવાના ગોવિંદભાઈ પોલીસ સ્ટેશનમાં ઉભા રહી ગયા અને બેગ પરત કરવા પોલીસ સમક્ષ આજીજી કરવા લાગ્યો હતો!

બેગમાંથી કાંઈ શંકાસ્પદ મળી ન આવતા પોલીસ સહીત તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ચેકીંગ કામગીરી દરમિયાન સલામતીના ભાગરૂપે ટ્રાફીક પણ ડાયવર્ટ કરી દેવાયો હતો.

વાસી ઉત્તરાયણના દિવસે સવારે દશેક વાગ્યાના અરસામાં

● અનુસંધાન પાના - ૭ પર


### બેસણું



મારા ધર્મપત્ની અ.સૌ. **ઉર્મિલાબેન** તા. ૧૩-૦૧-૨૦૧૬ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૭-૦૧-૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : તિરુપતિ બાલાજીનું મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર**

**લિ. દેવેન્દ્રભાઈ બી. વ્યાસા**

**કેયા એ. પટેલ (પુત્રી)** **હર્ષ દેવેન્દ્ર વ્યાસા (પુત્ર)**

**અંકિતભાઈ પટેલ (જમાઇ)** (Etech global Services)

**ડો. અરૂણભાઈ બી. વ્યાસા**


# શહેર કોંગ્રેસના ૫૬ હોદ્દેદારો અને ૧૯ કારોબારી સભ્યોની નિયુક્તી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના જમ્બો માળખાની રચનાની આજે વિધિવત્ ઘોષણા કરવામાં આવી છે.

પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીના આદેશને પગલે શહેર-જિલ્લા એકમની આ પુનઃ રચના કરવામાં આવી છે. જેમાં ૧૪ ઉપપ્રમુખ, ૧૬ મહામંત્રી, ૨૬ મંત્રી અને ખજાનચી ઉપરાંત ૧૯ કારોબારી સભ્યોનો સમાવેશ થાય છે.

૨૦૧૨ અને ૨૦૧૪ના ચૂંટણી જંગમાં પક્ષના સંગઠનને મળેલી પછડાટ પછી હાથ ધરાયેલ નવસર્જન અભિયાન અંતર્ગત શહેર પ્રમુખની વરણી કરાઈ હતી અને સંગઠનના અન્ય હોદ્દેદારોની વરણી બાકી રખાઈ હતી.

ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણીને લક્ષમાં રાખી શહેરની ટીમમાં યુવા અને અનુભવી કાર્યકરોની પસંદગી તેમજ સર્વ વર્ગને સ્થાન આપવાનો પ્રયાસ થયો છે.

શહેર સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે શ્રી વિજયસિંહ વાઘેલા, ચંદુભાઈ વર્મા, સમીરભાઈ ત્રિવેદી, હરેશભાઈ પટેલ, કેસરીસિંહ બિહોલા, પ્રભાતસિંહ દેસાઈ, આતાજી ઠાકોર, દરિયાખાન સિપાહી, વીણાબેન રાજગોર, જીતેન્દ્ર ચૌધરી, ઈન્દુબેન રાવલ, દશરથભાઈ પરમાર, દિલીપભાઈ ત્રિવેદી અને રાજીવ પરીખની નિમણુંક કરવામાં આવી છે.

મહામંત્રી તરીકે શ્રી કે.પી. સોલંકી, અશ્વિનસિંહ ટાપરિયા, વિજયભાઈ સોલંકી, મુકેશ શાહ, રાકેશ જાની, મિતુલ જોશી, જશીબેન શ્રીમાળી, મહમદરફીક મનસુરી, પીતાંબરભાઈ ભાખરીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, અમરસિંહ ચૌહાણ, નારણભાઈ મકવાણા, ગીતાબેન પ્રજાપતિ, હંસાબેન પરમાર, મહેન્દ્રસિંહ ચાવડા અને રજનીકાન્ત પટેલનો સમાવેશ થાય છે.

પક્ષના ખજાનચી તરીકે શ્રી જીતેન્દ્રભાઈ સોનીની નિમણુંક કરાઈ છે. જ્યારે મંત્રી તરીકે શ્રી અશ્વિનભાઈ રાઠોડ, સેંધાભાઈ

● અનુસંધાન પાના - ૭ પર


## શ્રદ્ધાંજલિ



**સ્વ. પલ્લવીબેન વલ્લભકુમાર દેસાઈ**

**સ્વ. તા. ૧૬-૧-૨૦૧૨**

**આપનો સાથ અમારો વિશ્વાસ હતો.**
**દરિયા જેવું નિખાલસ હૃદય સૂર્ય જેવુ તેજસ્વી**
**જીવન ચંદ્ર જેવો શીતળ સ્વભાવ અને આપના**
**કુટુંબપ્રેમની યાદથી જ આંખો ભીંજાઈ જાય છે.**
**પ્રભુ આપના દિવ્ય આત્માને**
**ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...**

**લિ.**

**દિશા વલ્લભકુમાર દેસાઈ** **વલ્લભકુમાર એચ. દેસાઈ**
**રૂચિતા અભયકુમાર શાહ** **અભય પી. શાહ (જમાઈ) (C.A.)**

**તથા સમસ્ત પરિવારના જય શ્રી કૃષ્ણ**



प्रधान मंत्री
Prime Minister



મારા પ્રિય ખેડૂત ભાઈઓ અને બહેનો

**''પ્રધાનમંત્રી પાક વીમા યોજના''** અંગેના સમાચાર તમારા સુધી પહોંચ્યા હશે. ક્યારેક કુદરતી આફતોથી તો ક્યારેક બજાર ભાવ ઘટવાથી આપણા દેશમાં ખેડૂત હંમેશા પોતાને અસુરક્ષિત અનુભવે છે. છેલ્લા ૧૮ મહિનામાં મારી સરકારે આવી મુશ્કેલીઓમાં યોગ્ય સહાયરૂપ થવા અનેક પગલાં ભર્યા છે.

ખેડૂતો માટે વીમા યોજનાઓ તો પહેલા પણ હતી, પરંતુ ક્યારેક વધારે પ્રિમીયમ દર, ક્યારેક નુકસાનના દાવાની રકમ ઓછી હોવાથી તો, ક્યારેક સ્થાનિક ધોરણે યોજનામાં નુકસાની સામેલ નહીં હોવા, જેવા અનેક કારણોથી આ યોજનાઓ સફળ થઈ ન હતી. પરિણામે ૨૦ ટકા જેટલા ખેડૂતો જ આવી યોજનાઓ સાથે જોડાતા હતા, અને પોતાનો આ હક્ક મેળવવા માટે પણ તેમને અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. જેથી વીમા યોજનાઓ પ્રત્યે ખેડૂતોનો વિશ્વાસ ખૂબ ઘટી ગયો હતો.

આ સંદર્ભે અમે રાજ્યો, ખેડૂતો અને વીમા કંપનીઓ સાથે વિગતવાર ચર્ચા - વિચારણા કરી હતી. તેની ફળશ્રુતિરૂપે મારા પ્રિય ખેડૂત ભાઈઓ-બહેનોના ચરણોમાં સર્વગ્રાહી રીતે લાભદાયી એવી આ 'પ્રધાનમંત્રી પાક વીમા યોજના' સમર્પિત કરું છું.

આ પ્રધાનમંત્રી પાક વીમા યોજનાઓની વિશેષતાઓ આ પ્રમાણે છે :

- **પાક વીમાના રીતે સરકારની અત્યાર સુધીની આ સૌથી મોટી યોજના છે.**
- પરિણામ સ્વરૂપે ખેડૂતોને અત્યાર સુધીની **સૌથી ઓછા પ્રીમિયમ દર ભરવા**ના રહેશે.
- બાકી પ્રિમીયમનો મહત્તમ બોજ સરકાર દ્વારા વહન કરવામાં આવશે - ૯૦ ટકાથી વધુ હોય તો પણ...
- ધાન્ય, કઠોળ, તેલીબીયા પાકો માટે વીમા પ્રિમીયમનો **એક મોસમને, એક જ દર** રહેશે. જિલ્લાવાર અને પાકવાર અલગ અલગ પ્રિમીયમના દરોથી ખેડૂતોને મુક્તિ મળશે.
- ખરીફ પાકમ ાટે : માત્ર ૨ ટકા (બે ટકા)
- રવી પાક માટે ૧.૫ ટકા (દોઢ ટકા)
- **પૂરું વીમા કવચનું રક્ષણ** મળશે - વીમા પર કોઈ પણ પ્રકારની કૈપિંગ નહીં હોય. જેથી ખેડૂતોની વીમા દાવાની રકમમાં કોઈ કાપ પણ નહીં થાય.
- **ખેતરોમાં કોઈ કારણસર પાણી ભરાઈ જવાની** ઘટના બને અને પાક નિષ્ફળ જાય તો તેને પણ પ્રથમ વખત સ્થાનિક જોખમમાં સામેલ કરવામાં આવ્યું છે.
- દેશમાં લણણી બાદ થતા **વાવાઝોડા કે કમોસમી વરસાદના જોખમ** જેવી આપત્તિઓને પણ યોજનામાં પ્રથમ વાર સામેલ કરવામાં આવ્યા છે.
- પ્રથમ વખત સાચા મૂલ્યાંકન અને દાવાના ઝડપી ઉકેલ માટે મોબાઈલ અને સેટેલાઈટ **ટેકનોલોજી**નો વધુમાં વધુ ઉપયોગ થશે.

આગામી ખરીફ પાકથી આ યોજના લાગુ થઈ જશે. આ યોજનામાં જોડાવાનું ખૂબ સરળ અને સુરક્ષિત છે. **હું સહુ કિસાન ભાઈઓ અને બહેનો પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં જોડાય તેવો હાર્દિક અનુરોધ કરું છું.**

**આપનો વિશ્વાસુ**

**નરેન્દ્ર મોદી**

davp 65101/13/0055/1516



Read this online: | Connect with PM /narendramodi | Interact with PM NARENDRA MODI Prime Minister of India www.pmindia.gov.in | News, Views & More www.narendramodi.in | Share Ideas myGOV मेरी सरकार www.mygov.in


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com